

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ગૂનેગાર જેમ પોલીસને પણ સાથમાં લે છે,*
*અધૂરા જવાબે તંત્રને પણ સંગાથમાં લે છે!*
*લે છે બાથમાં, નાથને પણ ઉભાડે પાંજરામાં -*
*'કોર્ટ' નેતાઓનું નાક કાપી-કાપી હાથમાં દે છે!*
*(કોરોના વિસ્તરકો - રાજકારણીઓની સાબુપાણીથી ધોલાઈ)*

### હાઈકુ

*પાયા વિધિને -*
*ક્યાંક લોકાર્પણ*
*મત તર્પણ !*

*કાષ્ટના લાડુ -*
*વડે બિહારીઓને*
*બનાવે બાબુ !*

### ચિંતન

***યસ્યાસ્તિ વિત્તં સ નરઃ કુલીનઃ સ પંડિતઃ સ શ્રત વાન્ગુણજ્ઞઃ ।***
***સ એવ વક્તા સ ચ દર્શનીયઃ સર્વે ગુણાઃ કાંચન માશ્રયન્તે ॥***

**ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.**

**આ શ્લોકમાં વ્યવહારું નીતિનો સ્વીકાર કરતાં જણાવવામાં આવ્યું છે કે સર્વગુણ સુવર્ણની ઓથે સમાયેલા છે.**

**હાલ જમાનો એવો છે કે જેમની પાસે પૈસો હોય છે તે જ કુલીન કહેવાય છે, પંડિતમાં એમની ગણના થાય છે, ગુણજ્ઞ અને સારા વક્તા કહેવામાં આવે છે.**

**સત્તા અને સમૃદ્ધિમાં જ સર્વગુણ સમાયેલા છે. આજકાલ અને વ્યવહારમાં લોકો ઊગતા સૂર્યને પૂજે છે, માણસ 'મંત્રી' થાય પછી મામસ રહેતો જ નથી, પ્રભુ થઈ પૂજાવા લાગે છે, ગમે તેવો વ્યવહાર હોય, પ્રસંગ હોય તેમને અતિથિ વિશેષ તરીકે નવાજવામાં આવે છે. લોકો એમને પગથી માથા સુધી ઓળખતા હોય છતાં તેમની પ્રશંસા કરે છે. આથી જ અહીંયા લખાયું છે તેમ સર્વગુણ સુવર્ણ ને આશ્રિત હોય છે.**

### સુવિચાર

- સંતોષ અમૃત છે, અસંતુષ્ટી વિષ છે - **માનસ સૂત્ર**
- સાધકનો અર્થ : 'સા' એટલે સાવધાન, 'ધ' એટલે ધર્મ અને 'ક' એટલે કલ્યાણકારી - **મોરારિ બાપુ**
- કાયા બળે નહિ ત્યાં સુધી કૃષ્ણ મળે નહીં - **અખંડ આનંદ**
- સાધના એવી ના હોવી જોઈએ કે જે પ્રકૃતિના નિયમોથી વિરુદ્ધ હોય, પ્રકૃતિની સાથે વહે એ સાધના - **ઓશો**
- કર્તવ્ય કભી આગ ઔર પાની કિ પરવાર નહીં કરતા - **મુન્સી પ્રેમચંદ**
- જે લોકો એમ કહે છે કે જ્ઞાન ભક્તિથી ઉચ્ચ છે તેમને એ ખબર નથી કે જ્ઞાન મળ્યા વગર ભક્તિ કરતા આવડે જ નહીં - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : એક ગ્લાસ નવશેકા પાણીમાં ચપટી અજમો નાખી બાર કલાક મૂકી રાખવો. પછી તેમાં એક ચમચી મધ ઉમેરી દિવસમાં ૨ વાર પીવાથી વજન ઘટવા લાગે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંત જુનૈદ એક હજામ પાસે ગયા. અને કહ્યું, 'ભાઈ, ખુદાને ખાતર મારી હજામત કરી આપો. હજાર કોઈના વાળ કાપી રહ્યો હતો. તેણે વાળ કપાવનારને કહ્યું, 'આપ થોડીવાર બેસો. હું આ ફકીર બાબાની હજામત કરી લઉં.' પેલાએ સ્વીકાર્યું. હજામે પ્રેમથી જૂનેદની હજામત કરી આપી.

સંત જુનૈદ પાસે હજામને આપવા માટે ફૂટી કોડી પણ ન હતી. હજામે પણ પૈસા માગ્યા નહીં. પણ થોડા દિવસો પછી સંત જુનૈદ પાસે ભિક્ષામાં થોડા ઘણા પૈસા ભેગા થયા. એમણે તરત હજામતના પૈસા આપવાનું યાદ આવ્યું. તેઓ પહોંચ્યા હજામ પાસે અને કહ્યું, 'તમે મારી હજામત કરી આપી હતી તેના પૈસા લઈ લો.' હજામે કહ્યું, 'બાબા, તમે કહ્યું હતું કે ખુદાને ખાતર કરી દો, તમે એમ નહોતું કહ્યું કે પૈસા ખાતર હજામત કરી દો.' ત્યારે જુનૈદે કહ્યું, 'મેં નિષ્કામ ભક્તિ હજામ પાસેથી શીખી છે. અને આ ઉત્તમ સબક હું જીવીશ ત્યાં સુધી યાદ રાખીશ.'

# ડ્રગ યુવા પેઢીનો ભરડો લઈ રહ્યું છે

**તંત્રીસ્થાનેથી...**

છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન નશીલાં દ્રવ્યો આપણી નવી પેઢીને બરાબરની સકંજામાં લીધી છે. સાડાત્રણ- ચાર દાયકા જૂની દેવ આનંદની ફિલ્મ 'હરે કૃષ્ણ હરે રામ'માં નાયકને નશીલાં દ્રવ્યોની ચલમ ફંકતો બતાવ્યો છે. નાયિકા એના કરતાં પણ વધારે રંગમાં આવી જાય છે. એ વખતનું લોકપ્રિય ગીત આ પંક્તિઓથી શરૂ થતું હતું :

આ દમ માર દમ, મિટ જાયે ગમ,
આ બોલો સૂબ શામ, હરેકૃષ્ણ હરે રામ!

એવી ફિલ્મો જોયા પછી કૉલેજિયન યુવક યુવતીઓને ડ્રગ લેવાની ચાનક ન પડે તો જ નવાઈ. દુનિયાના કયુ વ્યવહારથી દૂર થઈ બે ઘડી મસ્તીમાં ખોવાઈ જવાની આ હિપ્પી સંસ્કૃતિને ઓશો રજનીશની કારકિર્દી પર પાણી ફેરવી દીધું હતું અને અમેરિકન સરકારે એમને ડ્રગના મામલામાં ફસાવી દેશવટો આપી દીધો હતો. આપણી ભારતીય સંસ્કૃતિમાં શિવરાત્રી અને હોળી તો હવે જાણે ભાંગ અને ગાંજાના સેવન માટેના અધિકૃત- સર્વમાન્ય તહેવારો બની ગયા છે. 'ભંગ કા રંગ ચકાચક' ચડાવીને લાંબા પગ થરકાવતા અમિતાભ બચ્ચનને સદીના મહાનાયકનું સમ્માન આપખારી પ્રજા આવા વ્યસનોથી વેગળી રહે એવી અપેક્ષા જ વધારે પડતી લેખાશે, તાજેતરમાં આશાસ્પદ બોલીવુડ ઍક્ટ સુશાંતસિંહ રાજપૂતના વિવાદાસ્પદ મૃત્યુની આસપાસ હવે ડ્રગનું વર્તુળ રચાઈ ચૂક્યું છે. એણે આત્મહત્યા જ કરી હોય તો પણ એની પાછળ ડિપ્રેશન જેવી માનસિક બીમારી જવાબદાર હશે અને ડિપ્રેશનની સ્થિતિમાં એ વધુ ને વધુ માદક દ્રવ્યો ભણી વળ્યો હશે. સુપ્રીમના આદેશ મુજબ હવે સુશાંત કેસ સી બી ખાઈને સોંપાયો અને સુશાંતની મહિલા મિત્ર રિયા ચક્રવર્તી પર એને ડ્રગ પર ચડાવી દેવાનો આરોપ મુકાયો છે. રિયાએ પોતે પણ ડ્રગ લેતી હોવાનું અને સુશાંત તથા અન્ય ઘણી બોલીવુડ હસ્તીઓ સાથે પાર્ટી કરતી હોવાનું કબૂલી લીધું છે. નાર્કોટિક એક્ટ હેઠળ ડ્રગ લેનાર કે લાવી આપનારને ઘણી કડક સજાની જોગવાઈ છે. સુશાંત કેસ મહારાષ્ટ્ર સરકાર સામેનું કેન્દ્ર સરકારનું હથિયાર બની ગયેલ છે અને હવે એના ઊડઝૂડ પોસ્ટમોર્ટમ પછી બેદરકારીપૂર્વક રખાયેલા 'વિસેરા'નું વિશ્લેષણ થશે ત્યારે સ્વાભાવિક રીતે એ ડ્રગ ઈફેક્ટ હેઠળ મર્યો છે એવું જાહેર થશે તે કલ્પી શકાય એવું છે. રિયા ચક્રવર્તીએ નાર્કોટિક બ્યૂરોની ટીમ સમક્ષ ઘણાં નામ બકી નાખ્યાં છે. ઘણાંની પૂછપરછ પણ થઈ રહી છે. કંગના રનૌત જાણે દૂધે ધોયેલી હોય એમ આખા બોલીવુડને 'ગટર' સાથે સરખાવી બદનામ કરી રહી છે. જયા બચ્ચન અને ખુદ ભાજપનાં સાંસદ જૂના જમાનાની 'ડ્રીમ ગર્લ' હેમા માલિનીએ એને લબડધક્કે લીધી છે. પંરતુ એણે મોરચો છોડ્યો નથી. છેલ્લે નાર્કોટિક બ્યૂરો સમક્ષ જાણીતી અભિનેત્રી દીપિકા પાદુકોણ ડ્રગ મંગાવતી હોવાની ચેટ ખૂલી છે. સૌ જાણે છે કે ડ્રગનો અજગર બોલીવુડનો ભડતો તો લઈ ચૂક્યો છે પરંતુ એ હવે માત્ર હાઈ-ફાઈ ધનિક વર્ગ પૂરતો મર્યાદિત નથી. પંજાબનો યુવાવર્ગ ડ્રગના રવાડે ચડ્યો છે તો ગુજરાત-મહારાષ્ટ્રનું યુવાધન પણ પાછળ નથી રહ્યું. સરકારે આ મુદ્દે વધારે કડક થવાની જરૂર છે. ખાટલે ખોડ એ છે કે ડ્રગના ગેરકાયદેસર વેપારની કમાણીમાંથી જ અંડરવર્લ્ડ રાજકીય પાર્ટીઓને ફંડ આપતું રહ્યું છે. એથી માનવધનને થનાર અપરિમેય નુકશાનનો અંદાજ નથી તો રાજકીય નેતાઓને કે નથી એની સમાજને પરવા! આ પરિસ્થિતિ કવચિત દુશ્મન દેશો દ્વારા ડ્રગ આપણા દેશમાં ઘુસાડવાને પરિણામે પણ સમજાઈ છે. આંતરે દિવસે કરોડોની કિંમતનું હશીશ કે હેરોઈન પકડાતું રહે છે અને પછી એ માત્ર છાપાની તથા ચેનલોની હેડલાઈન બની શમી જાય છે. તંત્રને એને કાબૂમાં લેવા જેટલી ગંભીરતા જ ન હોય ત્યાં એ શી રીતે અટકે ?

# આજે તને જોઈને મારો શ્વાન ધર્મ જાગી ઉઠ્યો



**નવાં કલેવર**

નટવર હેડાઉ

સોસાયટીના ખૂણે એક કૂતરો હમણાં ઘણા દિવસથી ભૂખ્યો તરસ્યો પડ્યો હતો. ચાલતાં જતાં લોકો કે વાહનોને જોઈ આશાભરી નજરે જરા માથું ઊંચું કરતો અને ફરી નિરાશ થઈ સૂઈ જતો. હાં, એ વાત સાચી કે સોસાયટીમાં કેટલાક ધર્મપરાયણ લોકો રહેતા હતા તે ક્યારેક ક્યારેક ખાવા પીવાનું કંઈને કંઈ તેની પાસે નાંખી જતાં હતા.

કોરોના વાયરસનો કહેર શરૂ થયો અને લોકડાઉનની પરિસ્થિતિ આવી તેમાં લોકોની સાથે સાથે આ કૂતરાની દશા પણ બૂરી થઈ ગઈ હતી. લોકોના ધંધા રોજગાર બંધ થઈ ગયા હતા. બહાર અવરજવર પણ ઓછી થઈ ગઈ હતી. આર્થિક મંદીની પરિસ્થિતિમાં પસાર થઈ રહેલા મધ્યમવર્ગીય એન ગરીબ લોકો માટે ઘર ચલાવવું મુશ્કેલ બની ગયું હતું. કરિયાણું અને શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા હતા. આવા સંજોગોમાં ગાયો, કૂતરાં, બિલાડાં જેવા માનવ વસ્તી વચ્ચે રહેતા અને નભતાં પ્રાણીઓ માટે પણ જીવન જીવવું દોહ્યલું થઈ રહ્યું હતું. લોકો કૂતરાને જોઈ દયાભાવથી કંઈ ખાવાનું આપવાને બદલે મારીને ભગાડવા માંડયા હતા. તેથી ગલીના બીજા કૂતરા કેટલાય અન્ય જગા એ વિસ્થાપિત થઈ ગયા હતા તો કેટલાકને નગરરપાલિકાની કૂતરા પકડનારી ગાડીમાં પકડીને લઈ જવાયા હતા. આપણે જેવી વાત કરી રહ્યા છીએ તે મોતી નામનો કૂતરો એક જ રહી ગયો હતો.

તેની હાલત પણ બુરી હતી. પણ કરે શું ? તેમાં વળી ગઈ રાતની જ વાત કરું તો એક ચોર કોઈના મકાનમાંથી ચોરી કરીને નીકળ્યો.

કૂતરાના કાન તરત ઊંચા થયા. તેણે બેઠા થવાની કોશિશ કરી પણ આખી દિવસ ભસી ભસીને તે ખુબ થાકી ગયો હતો. ભૂખથી તેના આંતરડા સૂજી ગયા હતા. છતાં તેણે માથું ઊંચું કર્યું અને દાંત બતાવી સહેજ આક્રમકતાનો અણસાર આપ્યો. ચોર પણ ખૂબ ચાલાક હતો તેએ સાથે લાવેલી ત્રણ ચાર રોટલી તેની તરફ ફેંકી. તેથી ચોરને ભસવાને બદલે કૂતરો પૂંછડી હલાવતો રોટલી ખાવા લાગ્યો.

મોકો જોઈને ચોર તો ભાગી નીકળ્યો તેને પોતાની યુક્તિ કામયાબ થયેલી લાગી.

તે પછી તો ઘણા દિવસો વાતી ગયા. ફર એકવાર ચોર એ જ સોસાયટીની ગલીમાંથી પસાર થતો હતો ત્યારે કૂતરો દોડીને આવ્યો અને તેને પગે ચોંટી પડ્યો. કૂતરાએ તેને જોરદાર બચકું ભરી લીધું.

ચોરને આશ્ચર્ય થયું, તેણે પૂછ્યું, અરે ! કમાલ છે, તે દિવસે રાત્રે તો તું મને કરડ્યો નહોતો. તે દિવસે તો ખરેખર મેં ચોરી કરેલી, આજ તો હું ખાલી હાથે જઈ રહ્યો છું.'

'તે વખતે ભૂખથી હું બેહાલ હતો તેથી વફાદારી સૂઈ ગઈ હતી. આજે તને જોઈને મારો શ્વાન ધર્મ જાગી ઉઠ્યો. છેવટે તો હું પ્રાણી છું ને, માણસ બનવા નથી માંગતો.' મોતી બોલ્યો.

# સંબંધોનાં વિશ્વની પ્રત્યેક ભૂમિકા આપણે અસરકારક રીતે ભજવી શકીએ છીએ?



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

શ્રી તુલસીદાસ ચરિત રામાયણના એક પ્રસંગ વિષે આપણે સૌ સુપરિચીત છીએ. શ્રી લક્ષ્મણજીએ સીતાજી માટે ઝૂંપડી ફરતે એક રેખા દોરીને વર્તુળ બનાવેલું અને એ વર્તુળને ના ઓળંગવા માટે સીતાજીને સૂચિત કર્યા હતા. એ વર્તુળરેખાને આપણે લક્ષ્મણરેખાનાં નામે પણ ઓળખીએ છીએ. લક્ષ્મણરેખા એક મર્યાદારેખા છે જે ઓળંગવાથી અનેક પ્રકારના અનર્થ સર્જાઈ શકે છે. આપણે સૌ જાણીએ છીએ કે સીતાજીએ એ રેખા ઓળંગી પછી કેવો અનર્થ થયો હતો.

માનવીય સંબંધોમાં ભજવાતી દરેક ભૂમિકાઓની પણ આવી લક્ષમણરેખાઓ દોરાયેલી હોય છે. સંબંધોની ભૂમિકાની એ રેખા એટલી પાતળી હોય છે કે એ જોઈ શકાતી તો નથી જ પણ સરળ રીતે સમજાતી પણ નથી હોતી. એ રેખાને સમજવા માટે આપણે આપણી સમજશક્તિને કેળવવી પડે, એના માટે જાગૃત રહેવું પડે અને એ રેખા જાણે અજાણે ઓળંગી ના જઈએ તેના માટે સતત સજાગ રહેવું પડે.

સંબંધોની ભૂમિકાની મર્યાદારેખાને ઓળંગવા થકી સમાજમાં અનેક સમસ્યાઓ ઊભી થતી હોય છે. આપણાં સમાજમાં રોજ-બ-રોજ ઊભી થતી કૌટુંબિક અને સામાજિક સમસ્યાઓનું ઊંડાણથી વિશ્લેષણ કરીએ તો એવું તારણ નીકળે કે કોઈ ને કોઈ વ્યક્તિએ પોતાના સંબંધોની ભૂમિકાની લક્ષ્મણરેખા ઓળંગતી હોય છે. સમસ્યાઓનાં ઘણા કારણોમાંનું એક મહત્વનુ કારણ એ હોય છે. આવું થયું હોય તો અને તો જ કૌટુંબિક સમસ્યાઓ ઊભી થાય. કેટલાક સામાજિક બદલાવો ની સાથેસાથે એ લક્ષ્મણરેખાનું વર્તુળ પણ નાનું મોટું થતું રહે છે. એ વર્તુળની પરિઘી બદલાતી રહે છે પણ મર્યાદાનું એ વર્તુળ તો કાયમ જ રહેતું હોય છે. આમ આપણાં જે તે સંબંધોની ભૂમિકાની નક્કી થયેલી લક્ષ્મણરેખામાં રહીને જ જો આપણે આપણી ભૂમિકા ભજવતા રહીએ તો એ ભૂમિકા અસરકારક સાબિત થઈ શકે.

સંબંધોના મંચ ઉપર આપણે એકસાથે ઘણી બધી ભૂમિકાઓ ભજવતા હોઈએ છીએ. આ ભૂમિકાઓ છે દીકરો, દીકરી, ભાઈ, બહેન, ભત્રીજી, ભત્રીજો, ભાણેજ, પતિ, પત્ની, માતા, પિતા, દાદા, દાદી, માસા, માસી, સાસુ, સસરા, મામા, મામી, જમાઈ, બનેવી, પુત્રવધૂ, નણંદ, મિત્ર અને એવી અનેક. આપણે એક જ સમયે એકથી વધુ ભૂમિકાઓ ભજવીએ છીએ ત્યારે બે કે બેથી વધારે ભૂમિકાઓ વચ્ચે સંઘર્ષ થતો રહેતો હોય છે. એક ભૂમિકાને અસરકારક રીતે ભજવવા જઈએ તો બીજી ઓછી અસરકારક રહે અથવા તો તદન બિનસરકારક થઈ જાય. બીજા શબ્દોમાં કહીએ તો એક ભૂમિકાને ન્યાય આપવા જતાં બીજી ભૂમિકાઓને અન્યાય થઈ જાય. આવું એક કે બે ભૂમિકામાં જ નહીં ઘણી ભૂમિકાઓ વચ્ચે બનતું રહેતું હોય છે. એ પણ એકવાર નહીં, અનેકવાર અને વારંવાર બનતું રહેતું હોય છે. ઉદાહરણ તરીકે કોઈ એક પરણીત પુરુષની એક તરફ પતિ તરીકેની ભૂમિકા અને બીજી તરફ પોતાની માનાં દીકરા તરીકેની ભૂમિકા. કોઈ એક પરણીત સ્ત્રીની એક તરફ પિયર પક્ષની દીકરી તરીકેની ભૂમિકા અને બીજી તરફ સસરા પક્ષે વહુ તરીકેની ભૂમિકા. એ જ રીતે સ્ત્રીની એક તરફ પોતાના બાળક પ્રત્યેની માં તરીકેની ભૂમિકા અને બીજી તરફ પત્ની તરીકેની ભૂમિકા. આમ બે કે બેથી વધારે ભૂમિકાઓ વચ્ચે સંઘર્ષ થતો જ રહેતો હોય છે. ઘંટીનાં બે પડની વચ્ચે પિસાય એમ વ્યક્તિ બે ભૂમિકાઓ વચ્ચે પીસાતી રહેતી હોય છે. આવી પરિસ્થિતમાં બે ભૂમિકાઓમાંથી કોઈ જ ભૂમિકામાં વ્યક્તિ બાંધછોડ કરી શકાતી નથી અને વ્યક્તિને જ્યારે કોઈ જ માર્ગ નથી મળતો ત્યારે એ સખત રીતે માનસિક તાણ અનુભવે છે. આ પ્રકારની પરિસ્થિતીમાં કોઈ એક ભૂમિકા તરફ વ્યક્તિનો વધારે ઝુકાવ આવી જાય એવું બનતું હોય છે. વ્યક્તિ પોતાની કોઈ એક ભૂમિકાની લક્ષ્મણરેખા ઓળંગી જાય એવું બની શકે છે. એક તરફ બે ભૂમિકાઓ વચ્ચેની ખેંચતાણ અને એ ખેંચતાણ ને કારણે પોતાની ભૂમિકાની લક્ષ્મણરેખા ઓળંગાય છે ત્યારે વ્યક્તિના સંબંધોના વિશ્વમાં ધરતીકંપ આવી શકે છે અને સંબંધો છિન્નભીન્ન થઈ જઈ શકે છે.

કોઈપણ બે ભૂમિકાઓ વચ્ચેનો સંઘર્ષ એ રોજ-બ-રોજ બનતી ઘટના છે અને તેને કારણે આપણે સૌ તેનાથી ટેવાઈ પણ ગયા હોઈએ છીએ. ભલે આપણે એવી ઘટનાઓથી ટેવાઈ ગયા હોઈએ છતાં સંઘર્ષ એ સંઘર્ષ જ હોય છે. એ સંઘર્ષને આપણે સહજ રીતે લઈએ અને બે ભૂમિકાઓમાથી કોઈ એક ભૂમિકાની સતત અવગણના કર્યા કરીએ તો લાંબા ગાળે એ સંઘર્ષ અને એ અવગણના બન્ને આપણાં સંબંધોના વિશ્વ માટે ખતરારૂપ બની શકે છે અને આપણે કલ્પના પણ ના કરી હોય એવા માઠા પરીણામો આવી શકે છે. આવું ના થાય એટલા માટે જ્યારે જ્યારે કોઈપણ બે ભૂમિકાઓ વચ્ચે સંઘર્ષ થાય ત્યારે એ બન્ને વચ્ચે સંતુલન જાળવવું ખૂબ જ જરૂરી બની જતું હોય છે.

બે ભૂમિકાઓ વચ્ચેનો સંઘર્ષ ટાળવો કોઈપણ વ્યક્તિના હાથમાં નથી. એ સંઘર્ષ વચ્ચે રહીને પણ બંને ભૂમિકાઓને વધુમાં વધુ કઈ રીતે ન્યાય આપવો એ કુનેહ હસ્તગત કરવી ખૂબ જ જરૂરી હોય છે. એવું કરવા માટે ધીરજ થી કામ લેવું આવશ્યક હોય છે. ધીરજ ખૂટી તો બધુ છૂટી ગયું એમ માનવું. બે ભૂમિકાઓ વચ્ચેના સંઘર્ષ સમયે વિસંવાદિતતા ઊભી થતી હોય છે એ વિસંવાદદિતતા ઓછી કરવા માટે ઉભયપક્ષ સાથે સંવાદ ખૂબ જ જરૂરી બની રહે છે. જ્યાં સુધી આપણે ઉભય પક્ષની સાચી લાગણી ન સમજી શકીએ ત્યાં સુધી બંને ભૂમિકાઓને ન્યાય આપવો મુશ્કેલ બની જતું હોય છે. સંવાદ કે તંદુરસ્ત ચર્ચાથી ઉભયપક્ષની લાગણી સમજી શકાય છે અને તેના થકી ઘણી બધી સમસ્યાઓ હલ થઈ જતી હોય છે. બે ભૂમિકાઓ વચ્ચેના સંઘર્ષમાં ટૂંકા ગાળા કરતાં લાંબાગાળાના ઉકેલ માટે પ્રયત્નો કરવા સૌના હિતમાં હોય છે. આપણી બે ભૂમિકાઓના સંઘર્ષ સમયે સત્ય તરફનો આપણો ઝુકાવ લાંબા સમયે આપણને અને સૌને લાભદાયી નીવડે છે.

સંબંધોના વિશ્વમાં જ્યારે એક સાથે એકથી વધુ ભૂમિકાઓ ભજવવાની થતી હોય છે ત્યારે પ્રત્યેક ભૂમિકા અસરકારક રીતે ભજવાય એ જરૂરી છે. પ્પ્રત્યેક ભૂમિકાને યોગ્ય ન્યાય અપાય એ જરૂરી છે. એક સાથે ઘણી ભૂમિકાઓ ભજવતા ભજવતા જો કોઈ એકપણ ભૂમિકા બિનસરકારક રીતે ભજવાય તો કેટલાક સંબંધો વેર-વિખેર થઈ જવાની શક્યતાઓ વધી જતી હોય છે. દરેક સંબંધોને કાયમ રાખવા માટે, ટકાવી રાખવા માટે, નિભાવવા માટે એ સંબંધ પ્રત્યેની આપણી ભૂમિકા અસરકારક રીતે ભજવવી જ રહી.

ચાલો, આપણે સૌ આપણાં સંબંધોના વિશ્વની પ્રત્યેક ભૂમિકાને ઓળખીએ, એક થી વધારે ભૂમિકાઓ વચ્ચેનો સંઘર્ષ ઉલઝાવીએ અને દરેક ભૂમિકા અસરકારક રીતે ભજવવા પ્રયત્નશીલ રહીએ.

# સાબિતી અને ખુલાસા એ સંબંધોનું કેન્સર હોય છે!



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પાણીનો જે વેગ જોવા મલે છે તેના પાયામાં ધોધમાર વરસાદનું આગમન જ હોય છે જે આભમાંથી ધરતીને અપાતું ઈશ્વરીય વહાલ કરી શકાય અને તેના લીધે માનવીઓના જીવન અને વહાલ ટકી જાય છે ! વરસાદ પૃથ્વી માટે અતિસ્નેહનું પ્રતિક છે અને આપણે દુઃખી એટલા માટે થઈ જઈએ છીએ કે બધું આડેધડ વિસ્તાર્યું છે જગ્યાઓ જે જળના વહેવા કે નિકાલ માટે હતી તેને દબાવી દીધી અને માન્યું કે હવે આપણે વિકસિત થઈ રહ્યા છીએ. ગમે તે ગણો માનવી ખુદ જ સ્વયંમાં ખોવાઈ ગયો છે અને એ પરમાત્માને શોધી રહ્યો છે! સત્ય, કરુણા, અહિંસા જેવા શબ્દોને આ સમાજ દ્વારા જ ભુસવામાં આવી રહ્યા છે. જેના માટે મહાત્મા ગાંધી એ તેને જીવનના મૂળભૂથ અંગો કહ્યા હતાં. જે સમાજ કરુણા ગુમાવે એ કયા મોઢે શાસ્ત્રોની કે ઈશ્વરના ગુણગાનની વાતો કહી શકે? જન્મથી અંતિમ વિદાય સુધીની જીવન સફરમાં બધા પ્રેમ, વહાલ, સહાનુભૂતિ જ ઝંખતા હોય છે છતાં વ્યવહારમાં તેનો જ અભાવ હોય છે એ કેટલી વિસ્મયકારક કડવી હકીકત છે ! જયાં સંબંધો જે પણ હોય ત્યાં અગર વિશ્વાસ કે શ્રદ્ધા નથી તો પરિણામ પણ સુખદ નથી હોતું. વારંવાર દરેક વાતમાં પુરાવા તથા સાબિતીઓ રજૂ કરવી પડે તો માની લેવાનું કે આ સંબંધ ટકશે નહીં કેમ કે અ સંબંધનું કેન્સર છે. વિશ્વાસ એ ઉડતા પક્ષી જેવો આભાર છે ઊડી જાય તો ફરીથી એ મૂળ સ્થાન ઉપર બેસે તેવું બનતું નથી. માનવીય વ્યવહારોમાં જરૂરી વિશ્વાસ અને વફાદારી હોવા જ જોઈએ તેમાં કચાશ હોય તો જીવનમાં કંકાસ, શંકા, દ્વિધા ભારોભાર દાખલ થઈ જાય છે જે કદી સુંદર અનુભૂતિ પેદા કરાતા નથી. વિશ્વાસ અને વફાદારી માટે પોતપોતાની પ્રતીતિ કરાવવી આવશ્યક છે. એક સમજવા જેવો શેર છે.

'હૃદય લીલુ સળગ્યા પછી આ દશા છે.
નથી આગ વધતી ન ઘટતો આ ધૂમાડો'

શબ્દોનું વજૂદ અને વજન જાળવવા વ્યક્તિએ દિલથી યોગદાન આપતા જ રહેવું પડે છે. જેથી પરિણામ માટે કોઈને શંકા જ ના રહે જેને આપણે કર્મયોગ કહીએ છીએ. જ્યાં કર્મનિષ્ઠા નથી ત્યાં વિશ્વાસનું ઉદ્ભવવું અતિ કઠીન બને છે. ગૃહસ્થ જીવનમાં જીવનસાથી હોય કે કચેરીમાં ઉપરી બોસ સાથેનાં વ્યવહારો હોય કે અન્ય વ્યવહારોમાં વ્યક્તિએ પોતાની આગવી ઓળખ ઊભી કરવી પડે કે જયાં કદી કોઈ બિન જરૂરી ખુલાસાને અવકાશ જ ના હોય ! વસ્તી વધતી ગઈ એમ નૈતિકતા કે શરમ વિદાય લેતી રહી માટે સીધા સાદા કાર્યોમાં પણ ઉલઝન અને સમસ્યાઓ વધતી દેખાય છે. વિશ્વ આખામાં વિશ્વાસની કમી ઊભી થઈ છે અને બધામાં બધા ખુલાતા વધતા જાય છે. પારસ્પરિક શ્રદ્ધા કે નિષ્ઠા ઘટે તો સંબંધોનો અંત આવે છે. બધુ જ માની કે સ્વીકારી લેવું એ અંધશ્રદ્ધા થઈ જાય પરંતુ અમુક કક્ષા સુધી સત્ય જ હશે એ અનુમાન મૂકીને ચાલવું એ તકેદારી છે છતાં વિશ્વાસ નથી ! ભગવાન શ્રીરામને હનુમાનજી ઉપર જે લાગણી હતી એ અનન્ય પ્રેમથી વધુ વિશ્વાસ હતો કે એ લંકા જઈ સીતાજીને કયાં રાખ્યા છે તે શોધી કાઢશે ! પ્રજાને પણ શાસક પ્રત્યે વિશ્વાસ રહે તે માટે યથાયોગ્ય કાર્યોને અંજામ આપતા રહેવું જ પડે અન્યથા મીડિયા કે લોકો સાબિતી તથા પુરાવા માંગ્યા જ કરશે. સ્વયંનું વાવેતર થાય તો વ્યક્તિત્વ ઊગી નીકળે તેમાં કોઈ શંકા હોતી નથી. તકવાદી વાતોથી પરિણામો સુધી જઈ શકાતું પણ નથી. સામેની વ્યક્તિનું તમે દિલ જીતી લો એટલે વ્યવહારો અત્યંત સરળ બની જાય છે પરંતુ એ માટે ભાવાત્મક કર્મો અને સંબંધની કિંમત હોવી જ જોઈએ. મોકળાશ તો ઘણાના ઘરમાં મળી જાય પણ હળવાશ બહુ ઓછા ઘરમાં મળતી હોય છે ! પ્રેક્ટિકલ થઈને જીવવું એનો અર્થ હરગિજ જ એવો નથી કે લાગણીશૂન્ય થઈ જીવું. જીવનમૂલ્યોનું જત કરવાની કાળજી લેવી એ ખરી કેળવણી કહી શકાય. જીવન તો બધા લોકો જીવે છે પણ તમારા શબ્દો ઉપર લોકો વધુ ન્યોછાવર કરવા તૈયાર થઈ જાય ત્યારે માનવં કે મારું યોગદાન હૃદયથી કરેલું સત્ય અને ઉચિત કર્મ હતું. 'જેને કહેવાય જીના ઈસી કા નામ હૈ !!'

વિશ્વાસના સહારે વહાણ જ નહીં સમગ્ર વિશ્વ ચાલે છે પણ તેમાં જે ઉધઈ લાગી છે તેથી જ અજંપો ઊભો થયો છે માટે જ ખૂલાસા તથા સાબિતીઓ આપવાની વ્યથા આવી ગઈ છે. જે કદી તંદુરસ્ત સમાજનું ઘડતર કરી ના શકે. હસ્તમેળાપ થાય ને હૃદય મેળાપના થાય ત્યાં મકાન કદી ઘર નથી બનતા એ સત્ય છે. મજબૂત સંબંધોની મૂડીને વધુ સધ્ધર બનાવીએ તો સામાજિક શાંતિ અને હિત જરૂર મળશે છેલ્લે એક કૃતિ સાથે અસ્તુ -

એ પણ કેવો વહેમ કરે છે,
પંચાગ જોઈને પ્રમ કરે છે!
કુંડળી મેળવી સગાઈ કરે છે,
એની સાથે જ એ ઠગાઈ કરે છે
ચોઘડિયા જોઈ ફેરા ફરે છે!!
ને તોય એકબીજાથી ડરે છે
રાશિમાં મન-મેળ ખૂટે છે
એક સાંધો ત્યાં તેર તૂટે છે
ગ્રહ ચાલે છે એના પ્રમાણે
તેની પરિસ્થિતિ કોઈના જાણે
પરણેલાઓ કેવો ખેલ કરે છે?
રોજ ઝઘડે ને તોય પ્રેમ કરે છે.

**શેર આસ્વાદ :**

**ઉલઝન કા સાથી કોઈ નહીં**
**ઉલઝાને કો રિશ્તે હજાર હૈ.**